**<u>જોટાણાના મે. જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ–જોટાણા,</u>**

**ક્રિમીનલ કેસ નં.૪૪/૨૦૨૬**

**આંક – ૦૬**

**ફરીયાદી.........       શ્રી સરકાર...**

**<u>વિરૂધ્ધ</u>**

**આરોપી.......   મનુજી બચુજી રાયસંગજી ઠાકોર**

**રહે.મુદરડા ગામ વચલાપારામાં  તા.જોટાણા જી.મહેસાણા**

**<u>ગુન્હો : ધી ગુજરાત પ્રોહીબીશન (એમેન્ડમેન્ટ) એકટ,૨૦૧૭ની કલમ : ૬૫ – એએ મુજબ..</u>**

**<u>–:: ઠ રા વ ::–</u>**

(૧)  આ કામના તહોમતદાર વિરૂધ્ધ પોતાના કબ્જા ભોગવટાવાળી જગ્યામાં વગર પાસ પરમીટે ગે.કા. રીતે પ્રતિબંધીત દારૂ રાખી હાજર નહી મળી આવી ધી ગુજરાત પ્રોહીબીશન (એમેન્ડમેન્ટ) એકટ,૨૦૧૭ની કલમ : ૬૫ – એએ  અન્વયે શિક્ષાપાત્ર ગુન્હો કરેલાનું તહોમત છે. આરોપી આજરોજ પોતે ગુન્હાનો પસ્તાવો વ્યકત કરી ગુન્હાનો સ્વીકાર કરવા માંગતા હોવાની રજુઆત કરી ગુન્હાની કબુલાત સબબ અલાયદી પુરસીસ રજુ રાખી હળવી સજા કરવા રજુઆત કરેલ છે.

**<u>(૨)  આ કામે આરોપી સામેના તહોમતને ધ્યાને લેતા ૩ વર્ષ સુધીની કેદ અને દંડની છે. તહોમત સબબ લઘુત્તમ સજાની કોઈ જોગવાઈ નથી. ભારતીય વિધિમિમાંસા ધ્વારા સુધારાત્મક થીયરી સ્વીકારેલ છે તે સંજોગોમાં આરોપીને સુધરવાની તક મળે તે વાતાવરણ પુરુ પાડવાની કોર્ટની ફરજ છે.</u>** આરોપીની સજા નકકી કરતા સમયે એ હકિકત ધ્યાને લેવી અતિ મહત્વની માનુ છુ કે ભારતીય ફોજદારી વિધિમિમાંસા મુજબ ભારતે સુધારાત્મક થીયરી અપનાવેલી છે અને તે મુજબ આરોપીને ગુન્હાના કામે તકસીરવાર ઠર્યા બાદ પણ સુધારાત્મક વાતાવરણ મળી રહે તે જોવાની કોર્ટની ફરજ છે આમ ઉપરોકત તમામ હકિકતે નીચે મુજબ હુકમ ફરમાવુ છુ.

**<u>-:: હુકમ ::-</u>**

(૧) આથી આરોપી **મનુજી બચુજી રાયસંગજી ઠાકોર રહે.મુદરડા ગામ વચલાપારામાં તા.જોટાણા જી.મહેસાણા**ના કામે તેમની સામેના આક્ષેપીત તહોમત **<u>ગુજરાત પ્રોહીબીશન (એમેન્ડમેન્ટ) એકટ, ૨૦૧૭ ની કલમ : ૬૫ – એએ મુજબ</u>** ના તહોમત સબબ તકસીરવાર ઠરાવી કોર્ટ ઉઠયા સુધી કેદની સજા તથા **<u>રૂ.૨૦૦/–</u>** નો દંડની સજા નો હુકમ કરવામાં આવે છે. દંડ ન ભરવાને પરીણામે આરોપીને વધુ દિન–૪ની સજાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ દારૂનો નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તા.૧૪મી માહે–માર્ચ સને–૨૦૨૬ ના રોજ સ્પે.સીટીંગમા વાંચી સંભળાવી જાહેર કર્યો.**

તારીખઃ–૧૪.૦૩.૨૦૨૬
સ્થળઃ– જોટાણા.

(એસ.એસ.ભદૌરિયા)
જ્યુડીશીયલ મેજી. ફર્સ્ટ કલાસ, જોટાણા.
(કોડ જી.જે.૦૧૬૯૧)